

## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*પ્રકૃતિની પરમ કૃપા હવે બંધ થઈ ગઈ!*
*જાણે સમગ્ર સૃષ્ટિ મારા માટે અંધ થઈ ગઈ!*
*તંગ થઈ ગઈ રેખાઓ, હતી જે ચહેરા પર -*
*પ્રેમનો સ્પર્શ, ને ઓળખ એની ગંધ થઈ ગઈ !*

હાઈકુ

*બહેરાશ તો*
*જાણે લાગી ગ્યાં તાળાં -*
*લાગણી પર*

*સ્નેહની પણ*
*બંધ કાન ને ચક્ષુ*
*કરે કસોટી !*

### ચિંતન

**અનભ્યાસેન વિદ્યાનામસંસર્ગેણ ધીમતામ્ ।**
**અનિગ્રહેણ ચાક્ષાણાં વ્યસનં જાયતે નૃણામ્ ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

વિદ્યાઓ ન ભણવાથી, બુદ્ધિશાળીઓનો સંપર્ક ન કરવાથી અને ઈન્દ્રિયો પર કાબૂ ન રાખવાથી માણસો માટે મુશ્કેલીઓ ખડી થાય છે.

પ્રત્યેક મનુષ્યનો સ્વભાવ આ જગતમાં સુખ મેળવવાનો છે. દુ:ખ કોઈને પસંદ નથી. આમ છતાં જગતમાં ભાગ્યે જ સુખી માણસ જોવા મળે છે. દુ:ખી માણસોની ભરમાર જોવા મળે છે. મુશ્કેલીઓથી દુ:ખી થતા અનેક માણસો જગતમાં આપણને મળે છે. માણસ દુ:ખી થાય અથવા મુશ્કેલીઓથી પરેશાન થાય એનાં ત્રણ કારણો પ્રસ્તુત શ્લોકમાં રજૂ થયાં છે.

મનુષ્યે જીવનમાં સફળતા અને સુખ મેળવવા ત્રણ રસ્તાઓ બતાવે છે : (૧) ગમે તે વિદ્યાનો અભ્યાસ કરવો. (૨) સારા બુદ્ધિશાળી માણસનો સંગ કરવો અને (૩) પોતાની ઈન્દ્રિયો પર અંકુશ રાખવો. આ ત્રણ રસ્તાઓ અપનાવનારો મનુષ્ય સુખની સમીપ અને દુ:ખની દૂર રહી શકશે. તથા જીવન સફળતાથી જીવી બ્રહ્મવિદ્યાથી મોક્ષનું અંતિમ લક્ષ્ય પણ પાર પાડશે. એમાં કોઈ શંકા નથી.

### સુવિચાર

- ઈસ ભ્રમ મેં ના રહેના કી સબ રિશ્તે ખાસ હોતેં હે,
  આધે સે જ્યાદા રિશ્તે આસ્તિન કે સાંપ હોતે હૈ - **જીવન પાથેય**
- વિચારની કુક્ષિમાં આચારનું મોતી પાકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જૂઠો માણસ સોગંધ ખાવામાં ઉદાર હોય છે - **જનકલ્યાણ**
- જે વ્યક્તિ ઉત્સાહહીન, શોકથી વ્યાકુળ અને લાચાર રહે છે,
  એના બધાં કામ બગડે છે, એને દુ:ખો ઘેરી વળે છે - **રામાયણ**
- મૂર્ખતાને ઢાંકવા માટે બ્રહ્માએ 'મૌન'નું સર્જન કર્યું છે - **નીતિશતક**
- પ્રતિભા પોતાનો રસ્તો પોતે જ શોધે છે અને પોતાની મશાલ પોતે જ પકડે છે - **વિલ્મોર**
- આજનું ઔષધ : મરીને કરંજના તેલમાં નવશેકું ગરમ કરી માથામાં નાખવાથી માથાનો દુ:ખાવો તરત મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

વસંતઋતુ પુરબહારમાં ખીલી હતી. ગુલાબના બગીચામાં સૌ કોઈ ગુલાબના સૌંદર્યના મહિમા ગાન કરતા હતા. ગુલાબને મનમાં ઘમંડ થયું. એ બોલ્યું, 'હું જગતનું સૌથી સુંદર પુષ્પ છું. પડોશમાં ઉગેલા આ થોર કેવો કાંટાળો, બેડો છે.' ગુલાબે ઘમંડી અને તુચ્છ દૃષ્ટિથી થોર તરફ જોયું. આ બાબત બાજુમાં ઉગેલા પીપળાની ધ્યાનમાં આવી. એણે ગુલાબને કહ્યું, 'ગુલાબ, સુંદરતાનો ગર્વ કરવો જોઈએ નહીં. તું સુંદર છે પણ તારી નીચે પણ કાંટા છે તે ભૂલવું જોઈએ નહીં.' ગુલાબે પીપળા પર ગુસ્સો કરતાં કહ્યું, 'તું જેટલો વિશાળ છે એટલો જાડી બુદ્ધિનો છે. માત્ર કાંટા હોવાને લીધે મારી અને થોરની તુલના થાય નહીં. તે ઉંમર વધારી છે, પણ જ્ઞાન વધાર્યું નથી.' રોજ રોજ ગુલાબ તેના પડોશમાં ઊગેલા થોરને કહેવા લાગ્યું, 'તારામાં નથી રંગ કે નથી સુગંધ, માત્ર કાંટા ને કાંટા જ છે.' થોડા સમયમાં વસંતે વિદાય લીધી અને ધોમધકતો તડકો પડવા લાગ્યો. ગુલાબનું પુષ્પ પાણીના અભાવે મૂરઝાવા લાગ્યું એને માટે જીવવું જ મુશ્કેલ બની ગયું. એ સમયે એક ચકલી થોર પર બેઠી. એણે ચાંચ મારીને થોરમાંથી નીકળતા પાણીથી તરત છીપાવી. તરતથી પરેશાન ગુલાબે પીપળાને કહ્યું, 'આ ચકલી ચાંચ મારે તો પીપળાને વેદતા થતી હશે ?' પીપળાએ કહ્યું, થાય જ ને!! પણ ચકલીની તરસ છિપાવવા માટ પોતે વેદના સહન કરી લે છે.' ગુલાબે પીપળાને કહ્યું, 'મને પણ પાણી આપો.' પીપળાએ કહ્યું, 'તને ચકલી અને થોર મદદ કરે તો જ તારો ઉદ્ધાર થાય.' ગુલાબને પાણી આપવા ચકલી એ થોરની અનુમતીથી પાણી લીધું અને ગુલાબને આપ્યું!! અને ગુલાબની તરત છીપાઈ. એ દિવસે ગુલાબને સમજાયું કે બાહ્ય સૌંદર્યનું અભિમાન માત્ર સપાટી સુધી સીમિત છે. અસલી સુંદર તો ભીતરમાં હોય છે.

# આત્મહત્યાના બનાવો ચિંતાજનક સ્થિતિએ

**તંત્રીસ્થાનેથી...**

માણસ શું કે કીડી મંકોડી શું - જીવ માત્રને જીવવાનો આજીવન મોહ રહે છે. ગમે તેવા પડકારો વચ્ચે પણ એ જીવનને ટકાવી રાખવા પ્રયાસ કરતાં રહે છે. પરંતુ જીવનમાં એવી પરિસ્થિતિ પણ સરજાતી હોય છે જયારે માનવીને એ ટૂંકાવી કે ટૂંપાવી નાખવાની અદમ્ય ઈચ્છા જાગે છે. આ નકારાત્મક ઈચ્છા આખરે આત્મહત્યામાં પરિણમે છે. અગાઉ પણ આપઘાતના કિસ્સા તો બનતા રહેતા. ખુદ ભગવાન રામ અને એમની સાથે સમસ્ત અયોધ્યાના નગરજનોએ સામૂહિક જળ સમાધિ લઈ અવતારકાર્યની પૂર્ણાહૂત કરી હતી ત્યાંથી લઈ આપણા પ્રથિતયશ વિદ્વજ્જન યોગેન્દ્ર વ્યાસનું આત્મવિલોપન એ જીવન પ્રત્યેની નકારાત્મક લાગણીની જ અભિવ્યક્તિ ગણાય. આપણી વિધાસનભાના એક વિપક્ષી સદસ્યે પૂછેલા સવાલને ખુદ રાજ્ય સરકારે આપેલો જવાબ કોઈ પણ સંવેદનશીલ માનવીની સંવેદનશીલતાને હચમચાવી દે એવો છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં માનસિક વિટંબણાને લીધે ૨૯૮ વિદ્યાર્થીઓ સહિત પંદર હજારથી વધુ લોકોએ આત્મહત્યાનો માર્ગ અપનાવી જીવન ટૂંકાવ્યું છે. કુલ ૬૮૫૦ માણસોએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. સરકાર તો એના નાગરિકોને સુખાકારીવાળું જીવન ઉપલબ્ધ કરાવવા માગતી હોય છે. પરંતુ કયારેક માનવીના જીવનમાં એવો તનાવયુક્ત તબક્કો આવી જાય છે જયારે એને મરી જવામાં જ તમામ સમસ્યાઓનો હલ વરસાતો હોય છે. મરનાર પણ મરતાં પૂર્વે પોતાનાં સ્વજનોની ક્ષમાયાચના કરી લે છે. પોતે એમની અપેક્ષાઓ પર ખરો ન ઊતરી શક્યો અને આખરે અધવચ્ચેથી જીવન નામની રમતના મેદાનમાંથી ફારેગ થઈ જવાનો આકરો નિર્ણય લેવો પડ્યો એનો એને અફસોસ પણ હોય છે. પણ જે સંજોગો સરજાયા હોય છે એમાં હવે પોતાની હયાતીનો કોઈ જ અર્થ નથી - એવું લાગતાં એ દુ:ખી થઈને પોતાનાં માતાપિતા, ભાઈભાંડુ કે પત્ની અને બાળકોને રામભરોસે છોડીને અકાળે વિદાય થઈ જવામાં જ એને શ્રેય વરતાય છે. આત્મહત્યાના બનાવોમાં તરુણ-યુવા વર્ગની હોનહાર જિંદગીઓની બહુમતી જોવા મળે છે. એ વયજૂથમાં ઘણી મહત્ત્વાકાંક્ષાઓ હોય છે, જે પૂરી થવાની શકયતા નહીં લાગતા યુવાનો આત્મવિલોપનનો માર્ગ પસંદ કરે છે. આર્થિક વિટંબણાથી આત્મહત્યા કરનારા ખેડૂતો કે ધંધા રોજગારમાં બેકારી અથવા દેવું વધી જતાં દિગ્મૂડ બની ગયેલા મધ્યવયસ્ક -પ્રૌઢ લોકોનો સમાવેશ થાય છે. યુવાનોમાં પ્રેમમાં મળેલી નિષ્ફળતા આત્મહત્યા કે સામેના માણસની હત્યામાં પરિણમે છે. મોંઘામૂલું મનુષ્ય જીવન આ રીતે વેડફાઈ જતું નજરે જોયા છતાં સમાજ કે સરકાર એના નિવારણનો કોઈ ઉકેલ લાવી શકતાં નથી તે આપણા સમયની મોટી કરુણાંતિકા છે. બહુ બહુ તો આત્મહત્યા પાછળની દુષ્પ્રેરણા બદલ મરનારની સ્યુસાઈડ નોંધ મુજબ થોડી પૂછપરછ થાય છે અને વખત જતાં એ બાબત પર ટાઢું પાણી રેડાઈ જાય છે. આત્મહત્યા એ વૈશ્વિક સમસ્યા છે. એના મૂળમાં હોય છે જીવન પ્રત્યેની હતાશા, નિરાશા કે ધંધા રોજગાર સંદર્ભે સરજાયેલી ચિંતા. આવું ટેન્શન, ફ્રસ્ટ્રેશન અને ડિપ્રેશન અંતે માનવીને સૌથી વહાલી એવી પોતાની જ જિંદગીને મૂળ સોતી ઉશેટી નાખવા પ્રેરે છે. આવી સમસ્યા પરત્વે સમાજ કે સરકાર અક્ષમ્ય બેદરકારી દર્શાવતાં રહ્યાં છે. આ એક માનસિક સમસ્યા છે અને એની વેળાસર ચિકિત્સા થાય તથા યોગ્ય સારવાર ઉપલબ્ધ કરાવાય તો એમાંથી છુટકારો મેળવી શકાય છે. પરંતુ એકવીસમી સદીના આ સૌથ મોટા પડકારને પહોંચી વળવા સમાજમાં જે જાગૃતિ હોવી જોઈએ તે શોધી જડતી નથી. સ્ટ્રેટ અને મનોરોગથી પીડાતી વ્યક્તિ જાતે તો કયારેય મનોચિકિત્સક પાસે નહીં જ જાય - એને સમજાવી પટાવીને એના સંબંધીઓએ એના મનોરોગની અદ્યતન સારવાર અપાવવી પડશે. મગજમાં એન લસિકાસહિત ગ્રંથિઓમાં ઝરતા પોઝિટિવ હોર્મોન્સની ખામી સરજાતાં માનવી ડિપ્રેશનના ઊંડા, અવાવરું કૂવામાં ધકેલાઈ જાય છે. સમયસર સારવાર મળે તો એમાંથી એને બહાર લાવી શકાય છે - કળિયુગના કાળિનાગ સમા આ ભયંકર રોગને નાથવા માટે સાઈકિયાટ્રિસ્ટની સલાહ, દવા અને પરિવારનો પ્રેમ તથા સંત સમાગમ - સત્સંગ કે ગીતા જેવા ધર્મગ્રંથોનું અધ્યતન - સેવન અને પરિભ્રમણ બહુ જ ઉપયોગી સિદ્ધ થઈ શકે છે. આપણે આ મુદ્દે જરા વધારે ગંભીર અને ઝડપી અભિગમ અપનાવવો પડશે. મનોરોગ ચિકિત્સક પાસે જવામાં હીણપત અનુભવતા જુનવાણી જનસમુદાયને શિક્ષિત કરવા માટે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ આગળ આવવું પડશે. એ સિવાય રોજેરોજ બનતી આ માનવીય કરુણાંતિકાઓમાંથી સલામત રીતે બહાર નીકળવું ઘણું ઉઘરું છે.

# સિન્ધુસુતા મૈં સુમિરૌં તોહી

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



દીપાવલીના દિવસે મહાલક્ષ્મી પૂજનનો મહિમા છે.



જે રીતે 'હનુમાન ચાલીસા' છે; તેની જેમ 'લક્ષ્મી ચાલીસા' પણ છે.

(૧) કર્તા - આના રચયિતા આનંદદાસ છે.
'આનંદ' ધરી ધ્યાન નિત, વિનય કરત કર જોર.
માતુ લક્ષ્મી દાસ પર, કરહુ દયા કા કોર.
(૨) આરંભ પહેલાંનો દોહરો
માતુ લક્ષ્મી કરી કૃપા, કરો હૃદયમાં વાસ.
મનોકામના સિદ્ધ કરી, પુરવહુ મેરી આસ.
(૩) સિન્ધુ સુતા મૈં સુમિરૌં તોહી,
જ્ઞાન બુદ્ધિ વિદ્યા દો મોહી...
તુમ સમાન નહીં કોઉ ઉપકારી,
સબ વિધિ પુરવહુ આસ હમારી.
(૪) અંત -
ત્રાહિ ત્રાહિ શરણાગત તેરી,
કરહુ માત અબ નેક ન દેરી
આવહુ માત વિલંબ ન કીજૈ,
હૃદયનિવાસ ભક્ત વર દીજૈ.
(૫) સ્વરુપ -
તુમ હૌ ઘટ ઘટ કે વાસી,
વિનતી યહી હમારી ખાસી.
જગજનનિ જય સિન્દુકુમારી,
દીનન કે તુમ હો હિતકારી.
(૬) પ્રાદુર્ભાવ -
ક્ષીર સિન્ધુ જબ વિષ્ણુ મથાયો,
ચૌદહ રત્ન સિન્ધુ મેં પાયો.
ચૌદહ રત્ન મેં સુખ રાસી,
સેવા કિયો પ્રભુ હિં બની દાસી.
(૭) અવતારો
જબ જબ જન્મ, જહાં પ્રભુ લીન્હા,
રૂપ બદલ તહેં સેવા કીન્હા,
સ્વયં વિષ્ણુ જબ નર તનુ ધારા,
લીન્હે ઉ અવધપુરી અવતારા.
તબ તુમ પ્રકર જનકપુરી માહીં,
સેવા કિયો હૃદય પુલકાહીં.
(૮) ફળપાઠ :
જો યહ ચાલીસા પઢે ઔર પઢાવૈ,
ધ્યાન લગાકર સુને સુનાવૈ.
તાકો કોઈ ન રોગ સતાવૈ,
પુત્ર આદિ ધન સંપત્તિ પાવૈ.
(૯) વિનંતી.
મોહી અનાથ કી સુધિ અબ લીજે,
સંકટ કાટી ભક્તિ મોહી દીજે.
ભૂલચૂક કરી ક્ષમા હમારી,
દરશન દીજૈ દશા નિહારી.
રુપ ચતુર્ભુજ કરકે ધારણ.
કષ્ટ મોર અબ કરહુ નિવારણ.
દીપાવલિને નિમિત્તે ભગવતી મહાલક્ષ્મીને પ્રમાણ.

**(આધારસ્થાન - ચાલીસા સંગ્રહ)**

# સરદાર પટેલના જન્મ દિવસને કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે?

ખજાનો
અનિલ પટેલ



### સરદાર વલ્લભભાઈ પટેલ

૧ વલ્લભભાઈ પટેલની માતાનું નામ શું હતું?
(અ) રામબાઈ (બ) લાડબાઈ
(ક) કુંવરબાઈ (ડ) મીરાંનબાઈ

૨ વલ્લભભાઈ પટેલના ગુરુ કોણ હતા ?
(અ) ગાંધીજી (બ) બાળ ગંગાધર તિલક
(ક) રવિન્દ્રનાથ ટાગોર (ડ) રામકૃષ્ણ પરમહંસ

૩ સરદાર પટેલના જન્મ દિવસને કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે?
(અ) શાંતિ દિવસ (બ) અખંડ દિવસ
(ક) એકતા દિવસ (ડ) સમન્વય દિવસ

૪ વલ્લભભાઈ એ વકિલાતની શરુઆત કયા શહેરથી કરી હતી ?
(અ) અમદાવાદ (બ) આણંદ
(ક) વડોદરા (ડ) ગોધરા

૫ વલ્લભભાઈ પટેલે કયા શહેરમાં બેરિસ્ટરનો અભ્યાસ કરેલો?
(અ) લંડન (બ) બ્રિસ્ટલ
(ક) ગ્લાસ્ગો (ડ) બર્મિંગહામ

૬ સરદાર પટેલનું અવસાન કયા શહેરમાં થયું હતું ?
(અ) દિલ્હી (બ) સુરત
(ક) મુંબઈ (ડ) પૂના

૭ સરદાર કયા શહેરના કોંગ્રેસ અધિવેશનમાં પ્રમુખ બન્યા હતા ?
(અ) દિલ્હી (બ) મેરઠ
(ક) લખનૌ (ડ) કરાંચી

૮ આઝાદી સમયે ભારતમાં સૌથી મોટું અને સમૃદ્ધ સ્ટેટ કયું હતું જેને સરદાર સાહેબે ઝુકાવ્યું હતું ?
(અ) જૂનાગઢ (બ) હૈદરાબાદ
(ક) કાશ્મીર (ડ) રાયગઢ

૯ સરદાર વલ્લભભાઈ પટેલના મોટાભાઈનું નામ શું હતું ?
(અ) વિઠ્ઠલભાઈ પટેલ (બ) ભાઈલાલભાઈ પટેલ
(ક) અમૃતભાઈ (ડ) જેમલભાઈ પટેલ

૧૦ વલ્લભભાઈ પટેલે ગાંધીજી સાથે પ્રથમ કયો સત્યાગ્રહ કર્યો હતો?
(અ) બારડોલી સત્યાગ્રહ (બ) બોરસદ સત્યાગ્રહ
(ક) ચંપારણ સત્યાગ્રહ (ડ) મીઠાનો સત્યાગ્રહ

૧૧ વલ્લભાઈ પટેલનું પ્રાથમિક શિક્ષણ કયાં થયું ?
(અ) આણંદ (બ) વાસદ
(ક) કરમસદ (ડ) નડિયાદ

૧૨ વલ્લભભાઈ પટેલ ગાંધીજીને પ્રથમવાર કયા મળ્યા હતા ?
(અ) દિલ્હી (બ) કોલકાત્તા
(ક) મુંબઈ (ડ) અમદાવાદ


૧૩ વલ્લભભાઈ પટેલ કયા શહેરની મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે સેવા આપી હતી ?
(અ) અમદાવાદ (બ) સુરત
(ક) મુંબઈ (ડ) રાજકોટ

૧૪ વલ્લભભાઈ પટેલને સરદારનું બિરુદ આપનાર કોણ હતા ?
(અ) સુભાષચંદ્ર બોઝ (બ) જવાહરલાલ નહેરુ
(ક) મહાત્મા ગાંધીજી (ડ) બાળ ગંગાધર તિલક

૧૫ સરદારની ઈચ્છા વિરુદ્ધ કાશ્મીરનો પ્રશ્ન યુનોમાં કોણ લઈ ગયું ?
(અ) ગાંધીજી (બ) જવાહરલાલ નહેરુ
(ક) મહંમદ અલી ઝીણા (ડ) ડૉ. રાજેન્દ્ર બાબુ

### વિવિધા

**વિષય : સરદાર પટેલ સાહેબ સાથે જોડાયેલ મહત્ત્વની ઘટનાઓ**



- સરદાર પટેલનો જન્મદિવસ- ૩૧ ઓકટોબર, ૧૮૭૫
- સરદાર પટેલનો નિર્વાણ દિવસ ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦
- સરદાર સાહેબ પ્રથમવાર ગાંધીજીને મળ્યા સને ૧૯૧૬
- બારડોલી સત્યાગ્રહ થયો - સને ૧૯૨૮
- મીઠાનો સત્યાગ્રહ - ૧૯૩૦
- બેરીસ્ટરનો અભ્યાસ કરવા સરદાર પટેલ લંડન ગયા - સને ૧૯૧૦
- સરદાર પટેલ કોંગ્રેસના સંમેલનમાં કરાંચીમાં પ્રમુખ બન્યા સને - ૧૯૩૧
- સરદાર પટેલ અમદાવાદ મ્યુનિસાપિલીટીમાં પ્રમુખ બન્યા - ૧૯૨૪
- સરદાર પટેલને મરણોત્તર 'ભારત રત્ન'થી સન્માનિત કરાવા - સને - ૧૯૯૧
- ગાંધીજી અને સરદાર પટેલની છેલ્લી મુલાકાત ૩૦ જાન્યુઆરી - ૧૯૪૮
- સરદાર પટેલ ઢેબરભાઈને શપથ લેવડાયા જામનગર આવ્યા - સને ૧૯૪૮
- ભવ્ય સોમનાથની પ્રાણપ્રતિષ્ઠા થઈ સને - ૧૯૫૧
- સરદાર વલ્લભભાઈ પટેલના પત્ની ઝવેરબાનું અવસાન થયું સને- ૧૯૦૯
- સરદાર પટેલે મેટ્રિકનો અભ્યાસ શરૂ કર્યો તે શહેર - વડોદરા
- સરદાર પટેલે ભારત સંઘમાં ભેળવેલ રાજયની સંખ્યા - ૫૬૨
- વાઈસરોયની ઈચ્છા વિરુદ્ધ સરદાર - અમદાવાદમાં લોકમાન્ય તિલકનું બાવલું બનાવ્યું.
- સરદાર પટેલના જીવનની શ્રેષ્ઠી સિદ્ધિ - અખંડ ભારતનું સર્જન.
- સરદાર રાષ્ટ્રીય મ્યુઝિયમ ઈન્દિરાજીના હસ્તે ખુલ્લું મુકાયું.
- સરદાર પટેલને સોમનાથ મંદિરના ભવ્ય ઈતિહાસની વાત કનૈયાલાલ મુનશીએ કરેલ.
- વી. શંકર સરદાર પટેલના અંગત સચિવ હતા.
- સરદાર પટેલ માટે તો માથું આપવું પડે તો પણ હસતાં મુખે આપું - આ વિધાન ભાઈકાકા બોલ્યા.
- સરદાર સાહેબે સૌરાષ્ટ્ર રાજયના 'રાજપ્રમુખ' તરીકે દિગ્વિજયસિંહ જાડેજાને શપથ લેવડાવ્યા.
- જયપ્રકાશન નારાયણ સરદાર પટેલના પ્રશંસક હતા.
- સરદાર પટેલ બંધારણ સભાની સલાહકાર સમિતિના અધ્યક્ષ તરીકે સેવા આપેલ.
- વિશ્વ પ્રસિદ્ધ મેગેઝીન 'ટાઈમ્સ' ના ૧૯૪૭ના ટાઈટલમાં 'બુક ઓફ ઈન્ડિયા' તસ્વીર સાથે સરદાર પટેલને સન્માન મળ્યું.
- બોરસદમાં મૂંડકાવેરો રદ કરાવવા બદલ સરદાર પટેલને બોરસદના સૂબા સન્માન મળેલ
- સરદાર પટેલે ગુજરાત વિદ્યાપીથના વિકાસ માટે ખુબ મોટું ભંડોળ ઊભું કર્યું.

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

અવકાશ સંશોધઝન ક્ષેત્રના વિસ્તાર માટે તાજેતરમાં વડાપ્રધાનશ્રીએ કયા એસોશિયેશનની જાહેરાત કરી?

જવાબ : ઈન્ડિયન સ્પેશ એસોસીએશન (ઈસ્પા)

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) શિવાંગ બી પટેલ : સરગાસણ (૫) હાર્દિક મકવાણા : સે-૨૪ (૬) પ્રવિણ બી પટેલ : સે-૨૭ (૭) મીત પી. પટેલ : સે-૨૩ (૮) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો. જુ. સા. કૉલેજ

**આ સપ્તાહનો સવાલ**

હરિયાણાના કયા શહેરની વિધાનસભાની સીટની ચૂંટણી ખૂબ રોચક બની છે?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# હેલો... ઈટ્સ 'હેલોવીન' કે આપણી કાળી ચૌદશ?

હળવે હૈયે
પ્રકાશ લાલા



અહોહો.... હમણાં છેલ્લાં વીકથી તો જાણે લંડનમાં (અને કદાંચ યુ.કે.ના અન્ય શહેરો-ગામો સહિત યુએસએ, યુરોપિયન દેશોનાં ગામોમાં પણ) બધે પમ્પકીન્સ જોવા મળી રહ્યા છે. પમ્પકીન એટલે આપણું કોળું! અહીં નાની ગ્રોસરી ને વેજીટેબલ્સ શોપ્સથી માંડીને મોલ્સ, ચેઈન સ્ટોર્સ ને રેસ્ટોરન્ટ્સ બધે જ, જયાં જયાં નજર પડે છે ને ઠરે છે ત્યાં ગોઠવેલાં, પડેલાં, પેઈન્ટ્સ કરેલાં, વિવિધ આકારો કોતરેલાં કે અન્ય આકર્ષક રીતે ડેકોરેટ કરેલાં કોળાં જ કોળાં દેખાય છે. બહુ આશ્ચર્ય થયું કે એકાએક આ 'જયાં જયાં નજર અમારી પડે, ત્યાં કોળાં કાં દેખાય ?' પછી 'પૂછતા નર પંડિત'ની પેઠે પૂછીને જાણ્યું કે પરદેશીઓના આવી રહગેલા ફેસ્ટિવલ 'હેલોવીન'ના આગમનમાં એંધાણ છે આ તો !! તા. ૩૧ ઓકટોબરે ભારતમાં આપણે લોખંડી પુરુષ સરદાર પટેલ સાહેબની જન્મજયંતિએ 'રાષ્ટ્રીય એકતા દિવસ' મનાવીશું. ત્યારે એ જ દિવસે ૩૧મી ઓકટોબરે - લંડન અને બધે 'હેલોવીન' ફેસ્ટિવલ ઊજવાતો હશે. 'હેલોવીન'માં ઘર આંગણે ને બધે પમ્પકીનના ડેકોરેશન્સની - સજાવટની પરંપરા ને મહિલા હોવાથી 'હેલોવીન' આવતા પૂર્વે ચારેકોરે પમ્પકીન્સ - પમ્પકીન્સ થઈ જાય છે...અંગ્રેજીમાં કહેવત છે : કમિંગ ઈવેન્ટ્સ કાસ્ટ ધેર શેડોઝ્ બીફોર (Coming Events Cast Their Shadows Before) યાને કોઈ બનનારી ઘટનાનાં એંધાણ આપણને એડવાન્સમાં મળતાં હોય છે. 'અગમનાં એંધાણ' કહેવાય છે. પણ આ 'અગમનાં એંધાણ' નવા જમાનામાં નવી રીતે મળતા થયા છે. આવનારા પ્રસંગો - તહેવારોની 'એડવાન્સ ઈન્ફર્મેશન્સ' સંકેતો લોકોને ટીવી ને ન્યુઝ પેપર્સ એડ્સ્, દુકાનો - શોપ્સ - મોલ્સ માં ડિસ્પલે દ્વારા મળી જાય છે. જેમ કે ટીવી ઉપર કે હોર્ડિંગ્સ અખબારોમાં 'અમુલ' સ્વીટ્સ્ ને ચોકલેટ્સની જાહેરાત 'ઈસ ત્યોરા મેં કુછ મીઠા હો જાયે...' ઝળકવા માંડે ને ખબર પડે કે દિવાળી - ઈદ - રક્ષાબંધન કંઈક પર્વ આવી રહ્યું છે. નાગપાંચમ પૂર્વે ખાજાંની, જન્માષ્ટમી પૂર્વે અવનવી ફરાળી વાનગીઓની, ઉત્તરાયણ પૂર્વે દોરી - માંજાની જાહેરાતો આ બધા પ્રસંગોના આગમનની આગોતરી છડી જ પોકારતી હોય છે ને ? હાલ આપણે ત્યાં દુકાનોમાં ફટકાડા દેખાય છે પણ દિવાળી પૂરી થઈ નથી કે પતંગો ને દોરીનાં ડિસ્પ્લે કરાશે. એ જાણે કહેતાં હોય : 'હો જાઓ તૈયાર, મકરસંક્રાતિ આ રહી હૈ !' આ બાબતે દેશ જેવું જ અહીં પરદેશમાં જ જોવા મલે છે.... જુલાઈ માસમાં 'વિમ્બલ્ડન ટેનિસ કપ' શરૃ થાય તે પૂર્વે અહીં ઠેર ઠેર શોપ્સ - મોલ્સ - હોટલોમાં ટેનિસ બોલ્સને રેકેટ્સનાં ડેકોરેશન્સ લાગી જતાં જોયા છે... એમ જ હવે ૩૧મી ઓકટોબરે 'હેલોવીન' ફેસ્ટિવલ પ્રારંભે ઠેર ઠેર કોળાનાં ડિસ્પ્લે જાણે કહી રહ્યા છે : 'હેલો... હેલોવીન ઈસ એપ્રોચિંગ!' ભલે એવો ભ્રમ પ્રવર્તતો હોય કે ભારતીયો જૂનવાણી, અંધશ્રદ્ધાળુ, ભૂત-



પ્રેતમાં માને છે પણ પરદેશીયો સુધરેલા ને આવા કશામાં નથી માનતા. પણ 'હેલોવીન' નું સેલીબ્રેશન બતાવે છે કે અહીંના લોકો પણ ભૂત-પ્રેતમાં માને છે અને એ બધાંથી બચવા 'હેલોવીન' ઊજવે છે. ઘર આંગણે બિહામણાં ચિત્રામણવાળાં પમ્પકીન્સ, સ્કેલેટન્સ (હાડ પિંજર), સ્પાઈડર્સ - ડેમેન ગોઠવી, રાત્રો હોન્ટિંગ (ડરામણું) લાઈટીંક કરી, મ્યુઝિક વગાડે છે, જેથી ભૂતપ્રેતનાં અનિષ્ઠો દૂર ભાગી જાય - પોતે સેઈફ રહે. આ લોકો આવી રીતે 'હેલોવીન' ઊજવે એમાં કશું ખોટું નથી પણઆ સત્ય સ્વીકારવામાં એમને કદાચ 'ઈગો' આડો આવતો હશે એટલે વગાડી વગાડીને કહે છે કે 'હેલોવીન ઈઝ ફોર ફન... ઈટ્સ ફન ફેસ્ટિવલ'... 'હેલોવીન' ઊજવવાની પરંપરા ઘણી પ્રાચીન છે. 'હેલોવીન' ને 'ઓલ હેલોઝ ઈવ' કે 'ઓલ સેઈન્ટ્સ ઈવ' એટલે કે સર્વ દેવદૂતોની રાત કહે છે પહેલાનાં જમાનામાં ઉનાળુ પાક સરસ પાકે તેની ખુશી અને પછી આવનારા ઠંડાગાર કાળા ડિબાંગ શિયાળા પૂર્વે 'હેલોવીન' નો આનંદોત્સવ મનાવવાની પ્રથા પડેલી. લોકો ચિત્રવિચિત્ર પોશાક ધારણ કરી, ભૂત-પિશાચ દૂર રાખવા, રાત્રે ખુલ્લામાં 'બોનફાયર્સ' કરીને નાચતાં... આજે હવે વર્ષો જતાં ફેસ્ટિવલની ઊજવણીમાં થોડું પરિવર્તન આવ્યું છે. આપણે ત્યાં કાળી ચૌદસની રાત્રે, નાના બાળખોને હાથમાં, શેરડીના સાંઠામાંથી બનાવેલ, મશાલ જેવી કાગમાગડી પકડાવી, અડોશપડોશમાં 'તેલ પૂરાવો, તેલ...' ગાતા ગાતા મોકલવાનો રિવાજ છે - હતો... બસ, એ રીતે 'હેલોવીન' ની રાત્રે અહીં આવું જોવા મળે. બાળકો ચિત્રવિચિત્ર કોસ્ચ્ટુમ (મોટા ભાગે હાડ પીંજરનાં માસ્ક ને કાળાં લાંબા રોબ - ઝભ્ભા) ચઢાવી, નેબર્સ અને ફ્રેન્ડ્સના ઘરે જાય છે... બહાર ઊભા રહી 'ટ્રીક ઓર ટ્રીટ' કહે ને બદલામાં ચોકલેટ્સ - સ્વીટ્સ મેળવીને ખુશ થાય છે.

આટલા બધા ભૂતિયા વેશધારકો જોઈ જરૂર થાય કે આપણે ત્યાં તો કાળી ચૌદશે મસાણમાં મંત્રતંત્ર ને કાળી વિદ્યાના સાધખો જ જાય પણ અહીં તો 'હેલોવીન' ની રાત્રે સ્ટ્રીટે સ્ટ્રીટે (શેરીએ શેરીએ, ભાઈ !) એમનો ભેટો થઈ જાય !! જે હોય તે, શું દેશ, શું પરદેશ, પ્રજાને રૂટિન લાઈફમાંથી ચેઈન્જ જોય તો હોય છે અને એટલે કોઈને કોઈ ઉત્સવ ઉજવી આનંદ મેળવી લે છે.... એટલે 'હેલોવીન' પૂર્વજોના આત્માની શાંતિ માટે કે ઘોસ્ટ - વીચને ભગાડવા ઉજવાતો હોય કે પછી એ 'જસ્ટ ફેસ્ટિવલ ફોર ફન' હોય, અત્યારે તો બધે 'હેલોવીન... હેલોવીન' થઈરહ્યું છે.... અમે આ વખતે કાળી ચૌદશની કાગમાગડી નહીં માણી શકીએ, તો 'હેલોવીન' થી હલાવી લઈશું !!